જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૧૨/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૮૨૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૨ કેસ કરી, ૮૨ વ્યક્તિઓને ઝડપી, ૨૫૦ લીટર દેશી દારૂ, ૩૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૮૭૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૮૨ બીયર ટીન, ૦૪ સ્કુટર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૬૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૮૨૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૮૨૩/૨૦૨૫**

રામોલઃ સુનિલકુમાર અવધેશ સિહ (ઉ.વ.૩૮) (રહે. ઉદ્યનગરની ચાલી રામ રાજ્યનગર રામોલ) એ તા.૨૫/૧૨/૨૦૨૫ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૭/૨૦૨૫ ના રોજ સુનિલકુમાર સિહ નાઓના મોબાઈલમાં **प्रधानमंत्री आवास योजना ग्रामीण सूची**.APK નામની ફાઇલ આવેલ અને તેના પર ક્લીક કરતાં સુનિલકુમાર સિહ નાઓનો મોબાઈલ ફોન હેક કરી અજાણી વ્યક્તિએ ફ્લિપકાર્ટ નામની ઓનલાઇન શોપીંગ એપ્લીકેશનના માધ્યમથી સુનિલકુમાર સિહ ના RBL Bank ના ક્રેડીટ કાર્ડ માંથી ટુકડે–ટુકડે રૂપિયા ૪,૦૯,૪૯૦/– ટ્રાન્ઝેકશન કરી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.ડી.મોરી ચલાવે છે.

ક્રાઈમ બ્રાન્ચઃ (૧) પ્રતાપભાઇ કિશનચંદ વાધવાની (ઉ.વ.૪૪) (રહે. ભાગ્યલક્ષ્મી બંગ્લોઝ માયા સિનેમા રોડ કુબેરનગર) એ તા.૨૫/૧૨/૨૦૨૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૯/૨૦૧૯ થી તા.૦૧/૧૦/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી "માયાશિલ રીટેઇલ ઇન્ડીયા લીમીટેડ" ના મેનેજીંગ ડાયરેકટર (૧) અતુલ ગર્ગ (સરનામુ. પ્લોટ નં. ૮૮ સેકટર–૩૫ બેગમપુર ખાટોલા ગુરુગ્રામ (૨) ડાયરેકટર સુશીલ કુમાર કારવા (સરનામુ. પ્લોટ નં. ૮૮ સેકટર–૩૫ બેગમપુર ખાટોલા ગુરુગ્રામ) (૩) ડાયરેકટર નેહા ગર્ગ (સરનામુ. પ્લોટ નં. ૮૮ સેકટર–૩૫ બેગમપુર ખાટોલા ગુરુગ્રામ અને (૪) એજન્ટ જીતેન્દ્રકુમાર શર્મા (રહે. સાબરમતી) એ ભેગા મળી ૬૦ દિવસમાં પેમેન્ટ આપવાનું કહી લક્ષ્મી ઘી કાંટા વિષ્ણુ માર્કેટ ખાતે પ્રતાપભાઇ વાધવાની નાઓની "મહાદેવ ગારમેન્ટ" નામથી ફર્મમાંથી જીન્સ, કોટન પેન્ટના ગારમેન્ટનો માલ કિમત રૂપિયા ૩,૩૦,૩૮,૦૬૮/– ઉધારમાં લઈ જઈ રૂપિયા ૨,૧૬,૩૦,૯૩૪/– ચુકવી તેમજ રૂપિયા ૩૧,૮૯,૪૯૯/– નો માલ પરત આપી બાકી નિકળતા રૂપિયા ૮૨,૧૭,૬૩૫/– નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ ક્રાઈમ બ્રાન્ચ આર્થીક ગુના નિવારણ શાખા ન્યુ કલોથ માર્કેટ વિંગ પો.ઇ.શ્રી વી.એમ.સાટીયા ચલાવે છે.

ક્રાઈમ બ્રાન્ચઃ (૨) જયભાઇ જયેશભાઇ સોની (ઉ.વ.૨૭) (રહે. સ્પર્શ એરોન જી.બી.શાહ કોલેજ પાછળ ન્યુ વાસણા) એ તા.૨૫/૧૨/૨૦૨૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૯/૨૦૨૫ બપોરના ૦૩/૦૦ થી રાતના ૦૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વોટસએપ નં.+૮૮૦ ૧૩૩૬-૪૬૬૮૮૮ ના ધારક તથા Meesho_Frederica નામના ટેલીગ્રામ ચેનલ ઓપરેટ કરનારે ભેગા મળી જયભાઈ સોનીની પત્ની સાથે ટેલીગ્રામ ઉપર વાતચીત કરી કમિશનથી રૂપિયા કમાવાની લાલચ આપી ટાસ્ક પેટે કમિશન આપી વિશ્વાસમાં લઈ રૂપિયા ૭૨,૩૩૫/- વધુ ટાસ્ક આપી નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.વી.ઢોલા ચલાવે છે.

ક્રાઈમ બ્રાન્ચઃ (૩) મુકેશકુમાર ઘનશ્યામભાઈ સુથાર (ઉ.વ.૫૫) (રહે. પ્રયોશાગ્રીન્સ એકલવ્ય સ્કુલની બાજુમાં વસ્ત્રાલ) એ તા.૨૫/૧૨/૨૦૨૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૬/૨૦૧૯ થી તા.૨૧/૫/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન સૈજપુર ગોપાલપુર પીરાણા રોડ પીપળજ ખાતેથી આરોપી જાલન ઈન્ટર ડાઈકેમ" ના પ્રોપરાઈટર રામચંદ્ર જાલન (ઠેકાણું. એસ.સી.એફ/૧૨ કીડવાઈનગર લુધીયાણા પંજાબ) એ ૩૦ દિવસના ઉધારના વાયદામા પોલીસ્ટર યાર્નનો માલ કિમત રૂપિયા ૧૫,૧૪,૧૪,૩૮૧/- મેળવી લઈ તે પૈકી માલના રૂપિયા ૧૪,૧૮,૨૧,૬૭૫/- ચુકવી બાકી નિકળતા માલના રૂપિયા ૯૫,૯૨,૭૦૬/-નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ ક્રાઈમ બ્રાન્ચ આર્થીક ગુના નિવારણ શાખા ન્યુ કલોથ માર્કેટ વિંગ પો.સ.ઈ.શ્રી એસ.એસ.તડવી ચલાવે છે.

સોનાની માળા ઝુટવી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૧૮૨૪/૨૦૨૫**

વાસણાઃ રેખાબહેન હસમુખભાઇ શાહ (ઉ.વ.૭૧) (રહે. સદાનંદ સોસાયટી મલ્હાર ફ્લેટ સામે ટેલીફોન એક્સચેન્જ પાસે વાસણા) તા.૧૪/૧૧/૨૦૨૫ સવારના ૦૮/૩૦ વાગ્યાના સુમારે વાસણા ટેલીફોન એક્સચેન્જ નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક લાલ રંગના એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ રેખાબહેનના ગળામાંથી સોનાની બોર માળા કિમત રૂપિયા ૮૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રેખાબહેન શાહ એ તા.૨૫/૧૨/૨૦૨૫ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ડી.જાદવ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૮૨૫/૨૦૨૫**

ઓઢવઃ સંતરામ સ/ઓ રાજેન્દ્રપ્રસાદ ગૌતમ (ઉ.વ.૧૯) (રહે. રબારી વસાહત રામજી મંદિર પાછળ ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૨/૨૦૨૫ સવારના ૮/૩૦ થી રાતના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

કાગડાપીઠઃ આલોક પૂનમભાઇ ચુનારા (ઉ.વ.૧૯) (રહે. કંટોડીયાવાસ વોરાના રોજા પાછળ રાયપુર દરવાજા બહાર) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૧/૨૦૨૫ કલાક ૦૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૧૨/૨૦૨૫ કલાક ૧૦/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એ.ચૌહાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી